# બનાસકાંઠાના વરિષ્ઠ પત્રકારને 'ગ્લોરી ઓફ ગુજરાત' એવોર્ડ એનાયત થશે

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના ગૌરવસમાન, જયસંઘથી ભાજપનું કામ કરનાર, પીઢ પત્રકાર અને દરેકના દુઃખમાં ભાગીદાર બનનાર, ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર એવા ગણપતભાઈ કે. જોષી, કાકાના હુલામણા નામથી જાણીતા એવા ગણપતકાકાને આપણા સન્માનીય રાજ્યપાલ એવા મહામહીમ રાજ્યપાલ ઓ.પી. કોહલીના વરદ હસ્તે ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ-૨૦૧૭ એવોર્ડ એનાયત કરવામાં આવનાર છે. એ સમગ્ર બનાસકાંઠા જિલ્લા માટે ગૌરવ અને આનંદની વાત છે.



આનંદની વાત તો એ છે કે ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ-૨૦૧૭ એવોર્ડ જે સંસ્થા દ્વારા આપવામાં આવનાર છે તે ઈન્ડિયન કાઉન્સીલ ઓફ સોશીયલ વેલ્ફેર, ગુજરાત રાજ્યના પ્રમુખ પણ મહામહીમ રાજ્યપાલ ઓ.પી. કોહલી છે. અને તેમના હાથે એવોર્ડ તા. ૨૯-૧-૨૦૧૮ને સોમવારના રોજ સાંજે ૫ કલાકે રાજભવન, ગાંધીનગર ખાતે એનાયત કરવામાં આવનાર છે. ગણપતકાકાનું આખુ જીવન લોકોની મદદમાં અને એમના જીવન પરથી કેટલાય લોકોને પ્રેરણા મળે તેવુ જીવી જાણ્યું છે.

કાકા સમસ્ત બ્રહ્મસમાજ, બનાસકાંઠાના પ્રમુખ તરીકે સેવાઓ બજાવેલ છે. જનસંઘથી ભાજપમાં પણ અલગ અલગ વિવિધ જવાબદારીઓ નિભાવીને બનાસકાંઠામાં પાર્ટીના વ્યાપને વધારકવામાં સિંહફાળો આપેલ છે. છેલ્લા ૩૦ વર્ષ સ્વામી વિવેકાનંદ કેન્દ્રના સંયોજક તરીકે કાર્યરત રહી સ્વામીજીના જીવન સંદેશને જિલ્લાના અનેક યુવાનોમાં પ્રચાર પ્રસાર કર્યા છે.

ગણપતભાઈ જોશી ગાંધીનગર સમાચાર દૈનિકના આરંભથી જ બનાસકાંઠા જિલ્લાના બ્યુરોચીફ તરીકે તેમની પત્રકાર તરીકેની સેવાઓ આપે છે. જોશીએ પત્રકારત્વ ક્ષેત્રે પણ નોંધનીય યોગદાન આપેલ છે.

# ધનસુરા સરદાર વલ્લભભાઈ પટેલ દૂધ મંડળીમાં દૂધના ફેટ મુદ્દે દૂધ ઉત્પાદકોનો તીવ્ર આક્રોશ

ધનસુરા, તા. ૨૮

ધનસુરા સરદાર વલ્લભભાઈ પટેલ દૂધ મંડળી નામની સાબર ડેરી દ્વારા સંચાલીત દૂધ મંડળી આવેલી છે. જ્યાં ફેટમાં અવારનવાર ડીફ્રન્સ જોવા મળે છે. જ્યાં એચએફ ગાય કે જેનું દૂધ ખૂબ જ પાતળુ હોવા છતાં અને ભેંસનું દૂધ ગાયના દૂધ કરતાં પ્રમાણમાં જાડુ હોવા છતાં ગાય કરતાં પણ ઓછા ફેટ મુકવામાં આવે છે. જેથી ધનસુરા ડેરીનું ફેટ કાઢવાનું મશીન શંકાના ડાયરામાં આવતુ જણાય છે. સવાર સાંજના દૂધમાં પણ ખૂબજ મોટો ફેર જણાય છે. જેથી દૂધ ઉત્પાદકોનો આક્રોશ છે કે લેબોટરી ટેકનીશીયન દ્વારા દૂધના ફેટ કાઢવાના મશીનનું ટેસ્ટીંગ કરાવી કર્મચારીઓ દ્વારા ફેટમાં કોઈ ગરબડ કરાતી હોય તો તેનું યોગ્ય નિરાકરણ લાવી જો કોઈ દોષી પુરવાર થાય તો તેને યોગ્ય સજા કરી દૂધ ઉત્પાદકોના હિત ના જોખમાય તેનું તાત્કાલીક ધ્યાન દોરવામાં આવે. આજે જ્યારે મીનરલ વોટર કરતાં પણ ભેંસનુ દૂધ આ ડેરીમાં સસ્તુ જાય છે ત્યારે દૂધ ઉત્પાદકોની સ્થિતિ કફોડી થાય છે. અને માંત્ર પશુ આહાર તથા ઘાસ પુળા ખવાડાવવા છતાં દૂધના પુરતા પ્રમાણમાં નાણા ના મળતા દૂધ ઉત્પાદકોની સ્થિતિ કફોડી બનવા પામી છે.



## માથાસુલિયા પ્રાથમિક શાળામાં વીર મેઘમાયાનો બલિદાન દિવસ ઉજવાયો

આજરોજ મહાસુદ સાતમના દિવસે માથાસુલિયા પ્રા. શાળામાં વીર મેઘમાયા બલિદાન દિવસની ઉજવણી કરવામાં આવી. ઈતિહાસમાં એક અનોખુ બલિદાન આપી સમાજ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ વીર મેઘમાયાએ પુરૂ પાડ્યું છે. શાળાના મુ.શિ.ની હાજરીમાં શાળાના સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકર દ્વારા વીર મેઘમાયાની ગાથા બાળકોને સંભળાવી મેઘમાયાના બલિદાનના ઈતિહાસથી વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં સી.આર.સી. મનિષાબેન પટ્ટણી પણ હાજર રહ્યા હતા.

# મોડાસાના કોલેજ રોડ પર "નેકી કી દીવાલ" યુવાનોએ ઉભી કરી




મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મોડાસા કોલેજ રોડ પર યુવાનોના ગ્રુપ દ્વારા ગુરુવારે "નેકી કી દીવાલ" ઉભી કરવામાં આવી હતી. ઉભી કરેલી નેકી કી દીવાલ પર જરૂર હોય તો લઈ જાવો અને વધારે હોય તો મૂકી જાવ ના સંદેશ સાથે અનોખી પહેલ કરવામાં આવી હતી અને પ્રથમ દિવસેજ લોકોએ અનોખી નેકી કી દીવાલ પર કપડાં લટકાવવા ભારે ધસારો જોવા મળ્યો હતો. મોડાસા કોલેજ રોડ યુવકો દ્વારા ઉભી કરાયેલી "નેકી કી દીવાલ"ની સરાહના કરી હતી.

# થરાદમાં જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક દિનનો શાનદાર કાર્યક્રમ યોજાયો



થરાદ, તા.૨૮

સમગ્ર દેશભર માં આજે ૬૯મા પ્રજાસત્તાક દિન ની ઉજવણી કરવા માં આવી છે ત્યારે થરાદ માં બનાસકાંઠા જિલ્લા કક્ષા ના પ્રજાસત્તાક દિન ની ઉજવણી કરાઈ હતી જેમાં ગુજરાત રાજ્યના મંત્રી દિલીપ ઠાકોરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યો હતો

થરાદ ની આદર્સ નિવાસ સ્કૂલ માં બનાસકાંઠા જિલ્લા કક્ષા નો પ્રજાસત્તાક દિન નો કાર્યક્રમ યોજાયો હતો તે કાર્ય ક્રમમાં મંત્રી દિલીપ ઠાકોર ના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમમાં વિવિધ શાળા ઓ ના બાળકોએ ભાગ લીધો હતો અને લોકગીતો, નાટકો , રાષ્ટ્રીય ગીતો જેવા અલગ અલગ કાર્ય કર્મો માં શાળાઓ ના નાના નાના બાળકો એ ભાગ લીધા હતા

આ કાર્યક્રમ માં ચૂંટણી દરમિયાન સારી એવી કામગીરી કરી હોવાથી બનાસકાંઠા જિલ્લા જ.ૅ ને એવોર્ડ આપવામાં આવ્યો હતો અને રેફરલ હોસ્પિટલમાં સારી કામ ગિરી કરવા બદલ ડૉ. માથુર સાહેબને પણ મંત્રી શ્રી ના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

# થરાદ નગરપાલિકા વિસ્તારમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમની માંગ

થરાદ નગર તરફ ધંધાર્થે ગ્રામિણ વિસ્તારના લોકોએ પણ દોટ મુકતાં શહેરની બહારના હાઈવે આજુબાજુના અનેક વિસ્તારોમાં સોસાયટીઓનો વિકાસ થવા પામ્યો છે. નગરપાલિકા દ્વારા આવા વિસ્તારોને પ્રાથમિક સુવિધાઓ પણ પુરી પાડવામાં આવેછે.જયારે સ્થળાંતર કરીને આવેલા રહીશો પણ શહેરીયોજનાઓનો લાભ લેવા તથા મતદાન કરવા તેમજ અન્ય ઉપયોગી આધારો ગ્રામિણ વિસ્તારોમાંથી શહેરના રેકર્ડમાં લાવી રહ્યાછે.થરાદ નગરપાલિકા વિસ્તારમાં પખવાડીયા પુર્વેપાલિકાના કેટલાક સદસ્યો અને વિસ્તારોના નાગરીકોની સાંજે મળેલી મીટીંગમાં શહેરના વિકાસ અંગેની ચર્ચા કરવામાં આવતાં મતધિકારથી વંચિત રહી જતા લોકોના મુદ્દે પણ ચર્ચા થવા પામી હતી.

છેલ્લા પાંચ વર્ષમાં ગામડાંમાંથી લોકો શહેરમાં રહેવા આવતાં ૧૦ જેટલી નવી સોસાયટીઓ ઉભી થવા પામેલ છે.પરંતુ તે લોકોના નામો મતદાર યાદીમાં સમાવેશ થયેલ ન હોવાના કારણે મતાધિકારથી વંચિત રહી જાય તેમ છે.આમ તો દર વર્ષે જાન્યટઆરીમાં કાર્યક્રમ આવે છે પરંતુ આ વખતે વિધાનસભાની ચુંટણીના કારણે વહેલો (નવે.ડીસેંમાં) કાર્યક્રમ આવતાં ફકત જેમની ઉંમર ૧૮ વર્ષ પુરા કર્યા હોય તેવા નામો જ લખાવા પામ્યાં હતાં.પરંતુ નામ, સરનામામાં ભુલ સુધારણા અને સ્થળ (સ્થોળાંતર) કે મરણ સુધારા રહી જતાં આવા સુધારણા માટે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી પહેલાં એક કાર્યક્રમ આવે તેવી લોકોની માંગ ઉઠવા પામીછે.

શહેરની ભીમરાવ નગરમાં રહેતા મનુભાઈ પંડ્યાએ આ અંગે ચુંટણી અધિકારી અને નાયબ કલેકટર ,જિલ્લા કલેકટર,રાજય ચુંટણી આયોગ સચિવ,સંયુકત કમિશ્નર,કેન્દ્રીય ચુંટણી આયોગને લેખિત રજુઆત કરી જો કેમ્પેઈન કરવામાં આવે રહી ગયેલ લોકોના નામો મતદાર યાદીમાં દાખલ થવાથી તેઓ પણ પોતાનો મતદાનનો અધિકાર ભોગવી શકે તેમ હોઈ સત્વરે આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવે તેવી માંગણી કરી હતી.

## શામળાજી પોલીસે બોરનાલા ગામ નજીકથી

# ડસ્ટર કારમાંથી ૧.૭૪ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો



શામળાજી, તા. ૨૮

અરવલ્લી જિલ્લાની રતનપુર ચેકપોસ્ટ આંતરરાજ્ય સરહદ બુટલેગરો માટે ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડવા માટે ખુબજ જાણીતી છે. શામળાજી પોલીસે શુક્રવારે બપોરે બોરનાલા ગામની સીમમાંથી ડસ્ટરકાર (ગાડી.નં-જીજે.૧૮.બીઈ.૦૨૩૫)ની અંદર ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂની પેટી નંગ-૩૫ કુલ બોટલ નંગ-૧૫૦૦ કિંમત રૂપિયા ૧૭૪૦૦૦ સહીત ડસ્ટર ગાડીની કીં. રૂ. ૪૦૦૦૦૦ મળી કુલ રૂ. ૫૭૪૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ પેટ્રોલિંગ જોઈ નાસી છૂટેલ કારચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



પાલનપુર ફિલ્ડ રિપોર્ટરના ૨૦૧૮ના નવિન હોદ્દેદારોની વરણી સ્થાપક પ્રમુખ સંજયભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને હાઈવે સ્થિત ૪-વે હોટલ ખાતે યોજાઈ હતી. સતત નવ વર્ષથી ફિલ્ડમાં કાર્યરત ફિલ્ડ રિપોર્ટર સંઘટનના નવા વર્ષના સુકાનીઓ નીમવામાં આવ્યા હતા જેમાં નરેશભાઈ ચૌહાણ (દિવ્ય ભાસ્કર બ્યુરો ચીફ)ની પ્રમુખ પદે સર્વાનુમતે વરણી કરાઈ હતી. જ્યારે મહામંત્રી પદે અંકિત વ્યાસ (ઈન્ડીયા ન્યુઝ ગુજરાત), ઉપપ્રમુખ તરીકે વિનોદભાઈ સુંદેશા (બી.કે.ન્યુઝ ચેનલ) ખજાનચી પદે દીપકભાઈ રાવલ (ગુજરાત સમાચાર), સહમંત્રી પદે શૈલેષભાઈ પવાર (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) આંતરિક ઓડિટર પદે અખ્તર ચૌહાણ (ગુજરાત ટુડે), કાર્યાલય મંત્રીપદે મહેશભાઈ પ્રજાપતિ (બી કે ન્યુઝ ચેનલ) સહકાર્યાલય મંત્રી રતનભાઈ સાંગિયા (ઈન્ડિયા ટીવી)ની વરણી કરાઈ હતી જ્યારે સલાહકાર સમિતિમાં સીતાબભાઈ કાદરી (જયહિંદ) પ્રકાશ વ્યાસ (બનાસદીશા) અને મોંઘજીભાઈ ચૌધરી (વીટીવી)ની નિમણૂક કરાઈ હતી. નવનિયુક્ત પ્રમુખ નરેશ ચૌહાણ એ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે ફિલ્ડ રિપોર્ટર સંઘઠને હકારાત્મક પત્રકારત્વની સાથે સાથે સામાજિક દાયિત્વ પણ નિભાવ્યું છે. આવનારા દિવસોમાં સમાજ જીવનને સ્પર્શતા કાર્યક્રમો દ્વારા લોકોમાં જાગરૂકતા લાવવાનો અને હકારાત્મક સાથે વાસ્તવિક પત્રકારત્વ દ્વારા લોકોની પડખે રહેવાનો પ્રયાસ કરવામાં આવશે. નવી ટીમને તમામ સભ્યોએ વધાવી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની આભાર વિધી ઉપપ્રમુખ વિનોદ સુંદેશાએ કરી હતી.

# થરાદ તાલુકાના વ્યાયામ-ચિત્ર શિક્ષકોની કાયમી નોકરી અને ફુલ પગારની માંગણી

## સરકારને ચુંટણી પહેલાંનું વચન યાદ અપાવવા રાજ્યમંત્રીને આવેદનપત્ર અપાયું

થરાદમાં સીપીએડ અને એટીડી (શારીરિક શિક્ષણ તેમજ ચિત્ર) ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ (ધારાસભ્ય) રાજ્યમંત્રી પરબતભાઈ પટેલને આવેદનપત્ર આપ્યું હતુ જેમાં તેમની ઉપરોક્ત વિષયના પ્રવાસી શિક્ષકોને ફીક્સ પગારના બદલે ફુલ પગારથી લેવાની અને અંશકાલીન લેવામાં આવે અને કાયમી કરવામાં આવે તેવી માગણી સરકારમાં પહોંચાડવા માટે માગણી કરતાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા ગત વિધાનસભાની ચૂંટણી પહેલા ઉપરોક્ત વિષયની ભરતી આર.ટી.ઈ.એક્ટ-૨૦૦૯ મુજબ કરાશે તેવી ખાત્રી આપવામાં આવી હતી.તેમ છતાં પણ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં પ્રવાસી શિક્ષક તરીકેની જાહેરાત નિયમ પ્રમાણે આપવામાં આવી ન હતી.આથી તેમણે માનદવેતનથી પ્રવાસી શિક્ષક શારિરીક શિક્ષણ અને ચિત્રની નિમણુક કરવાના આદેશમાં આરટીઈ.એક્ટ ૨૦૦૯ની કલમ ૧૯ અને ૨૫માં સુધારો કરી અંશકાલિન તરીકે નિમણુક કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

થરાદના ઉમેદવાર ગોવિંદભાઈ ડીઘારીએ આ અંગે રોષ અને નારાજગીની સાથે પ્રવેશભરતીને લોલીપોપ ગણાવતાં જણાવ્યું હતુંકે પ્રવાસી શિક્ષકો તરીકે સરકાર દ્વારા ભરતી કરવામાં આવે એટલે તેમને છુટા કરવાની પણ શક્યતા રહેછે.વળી પગાર માત્ર ૯૦૦૦ ફીક્સ આપવામાં આવતો હોઈ એક વર્ષ માટે એક શિક્ષકે દરરોજ આઠ અલગ અલગ શાળાઓમાં સેવાઓ આપવા જવું પડે જેના કારણે વાહનવ્યવહારનો ખર્ચ પણ આટલા પગારમાં પરવડી શકે નહી.આથી તેઓનું શોષણ ન થાય અને ભવિષ્ય રઝળી ન પડે તે માટે તેમને વર્ગ ત્રણના પગાર ધોરણ પ્રમાણે કાયમી કરવાની તથા પ્રવાસી રદ કરી અંશકાલિન કાયમી કરવાની માંગ ઉઠવા પામીછે.રાજ્યમંત્રી પરબતભાઈ પટલે તેમનું આવેદનપત્ર સ્વીકારી તેમની માંગણી સરકારમાં મોકલી અપાશે તેમ જણાવ્યું હતું.

# ધાનેરાના જોરાપુરા ગામે બની બેઠેલો ડોક્ટર કરી રહ્યો છે લોકોના આરોગ્ય સાથે ચેડાં

## ડોક્ટરની ડિગ્રી બાબતે તંત્ર તાપસ કરાવે તેવી લોક માંગ : જિલ્લા આરોગ્ય અધિકારી કાર્યવાહી કરવાની આપી ખાતરી

ધાનેરા તાલુકા ના જોરાપુરા ગામે બની બેઠેલો ડોક્ટર લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યા છે તો બીજી જોરાપુરા ગામ



માંથી એ પણ જમવા મળ્યું છે કે આ બની બેઠેલો ડોક્ટર માનસિક રોગ ની બીમારી થી પીડાઈ રહ્યો છે ત્યારે જિલ્લા નું આરોગ્ય તંત્ર જાગૃત બને અને જોરાપુરા ગામે કોઈ અણ બનાવ બને તે પહેલા કાર્યવાહી હાથ ધારે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ધાનેરા તાલુકા ના સરાલ ગામે રહેતો ઈશ્વર ચૌધરી નામનો વ્યક્તિ જોરાપુરા ગામે જઈ ડોક્ટર બની બેઠો છે અને લોકો ના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો છે અને વર્ષો થી લોકો ને અવનવી દવા આપી લખો રૂપિયા ની કમાણી કરી રહ્યો છે ત્યારે લોકો દ્વારા આ બાબતે અમારી ટિમ જાણ કરતા અમારી ટિમ પણ ધાનેરા ના જોરાપુરા ગામે પહોંચી હતીઓએ ને ત્યાં જઈ જોયું તો આ બની બેઠેલો ડોક્ટર એક અવાવરું મકાન દવા બાટલા અને ઈન્જેક્શન લઈ લોકો ને સારવાર કરી રહ્યો હતો ત્યારે આ બાબતે ગામમાંથી અમને એવું પણ જાણવા મળ્યું હતું કે આ બની બેઠેલો ડોક્ટર ખુદ પણ કોઈક બીમારી થી પીડાઈ રહ્યો છે અને છેલ્લા ૮ મહિના થી તે ખુદ પણ દવા ઉપર બેઠો છે ત્યારે અમારી ટિમ ધ્વરા આ બાબતે જિલ્લા આરોગ્ય અધિકારી ને જાણ કરતા જિલ્લા આરોગ્ય અધિકારીએ કાયદેસર ની કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી ત્યારે હવે જોવાનું એ રહે છે કે જિલ્લા આરોગ્ય ખાતું ક્યારે કાર્યવાહી કરે છે.

# ડીસાના ગાંધી ચોકમાં તિરંગો લહેરાયો

ડીસા, તા.૨૮

બનાસકાંઠાના ડીસા શહેરમાં દરવર્ષે મુખ્ય ધ્વજવંદન સમારોહ શહેરના હાર્દસમાં ગાંધીચોક વિસ્તારમાં યોજાય છે અને નગરના પ્રથમ નાગરિક એવા પાલિકા પ્રમુખ ધ્વજવંદન કરાવે છે. જોકે આ વખતે શુક્રવારે ડીસાના ગાંધીચોકમાં યોજાયેલા ધ્વજવંદન સમારોહમાં ડીસાના નવનિર્વાચિત ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાના હસ્તે ધ્વજવંદન કરાયું હતું.

ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળી, એસટી નિગમના ડીરેકટર દિનેશભાઈ અનાવડીયા, અન્ય અગ્રણીઓ તેમજ પાલિકા સદસ્યોની હાજરીમાં યોજાયેલા આ ધ્વજવંદન સમારોહમાં નગરજનો તેમજ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તિરંગાને સલામી આપી હતી

## ગલતેશ્વર અંબર્ટો સિરામીકસ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડ ઉપરાંત આવેલા અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ પ્રા.લી માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દેશભકિતના ગીતો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે કંપનીના કર્મચારીઓ કામદારોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં દેશભકિત ગીતો, લોકનૃત્ય તથા ૨૦૧૭માં થયેલી રમતગમતના વિનર્સ રનર્સઅપને ટ્રોફી તેમજ ઈનામ આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# પાલનપુરના સર્વજ્ઞાતિય સમૂહલગ્નમાં ૨૫ નવ દંપતિએ પ્રભૂતામાં પગલા પાડ્યા

પાલનપુરમાં જગાણા રોડ પર સ્થિત શ્રી સદગુરુ કબીર રામસ્વરૂપદાસજી ફાઉન્ડેશન



શાંતીપુરમ આશ્રમ દ્વારા અનેકવિધ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. જેમાં દર વર્ષેની જેમ રવિવારે યોજાયેલા આંતર જ્ઞાતિય સમૂહલગ્નોત્સવમાં ૨૫ નવ દંપતિઓ લગ્નગ્રંથીથી જોડાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ નવદંપતિને આર્શિવચન પાઠવ્યા હતા. પાલનપુરમાં જગાણા રોડ નજીક આવેલા શાંતિપુરમમાં શ્રી સદગુરુ કબીર રામસ્વરૂપદાસજી ફાઉન્ડેશન દ્વારા અનેક વિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આંતરજ્ઞાતિય સમૂહલગ્નોત્સવ યોજવામાં આવે છે. અગ્રણીઓએ નવદંપતિને આર્શિવચન પાઠવ્યા હતા. આ સંસ્થા દ્વારા નેત્ર યજ્ઞ સેવા પ્રોજેકટ અંતર્ગત આંખોની તપાસ મોતીયાના ઓપરેશન, દંત યજ્ઞ સેવા દ્વારા જાલન્ધર બંધ યજ્ઞ દ્વારા વિના ઈન્જેક્શન વિના દવા વિના દુઃખાવા દાંત કાઢવા, અનાથ આશ્રમમાં બાળકોને રહેવા જમવા અને અભ્યાસની સેવા, જરૂરિયાતમંદ દર્દીઓને તપાસવા ઊર્મિ ઔષધલય, માત્ર ૫ રૂપિયા ફી લઈ અંતરિયાળ ગામડામાં મોબાઈલ ડીસ્પેન્સરીમાં ડોકટર દ્વારા તપાસ, કબીર ગૌશાળામાં ૧૭૫ કાંકરેજી ગાયોને રહેવાની સુવિધા છે